# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

મુ.: વિંઝોલ, પો.: કાંકણપુર, તા.: ગોધરા, જિ.: પંચમહાલ-૩૮૮૭૧૩.

भारत 2023 INDIA


નં:એસજીજીયુ/વહીવટ/૨૦૨૩/૭૭૮ તા.૦૭/૦૮/૨૦૨૩

પરિપત્ર-૩૧૨૭

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્નાતક/અનુસ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓને અને ભવનોના અધ્યક્ષશ્રી/ કોઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે સંપૂર્ણ વિશ્વના આદિવાસીઓના સંરક્ષણ અને વિકાસ માટે તેમજ તેઓની વિશિષ્ઠ સંસ્કૃતિના જતન તેમજ પ્રકૃતિ અને પર્યાવરણના રક્ષણ માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા, ૯ મી ઓગસ્ટને **"INTERNATIONAL DAY OF INDIGENIOUS PEOPLE- વિશ્વ આદિવાસી દિન"** જાહેર કરેલ છે. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનો વિસ્તાર આદિવાસી સમુદાયથી બહુત્વ ધરાવે છે. શ્રી ગોવિંદ ગુરુએ આદિવાસીઓને સંગઠિત કરીને અંગ્રેજો સામે વિદ્રોહનો શંખ ફૂક્યો હતો. સમાજમાંથી ખોટી માન્યતાઓ, અંધશ્રદ્ધાઓ, વેઠપ્રથા, દારૂની બંદી વગેરે દુર કરી પ્રજાને શિક્ષણ તરફ વાળી શ્રી ગોવિંદ ગુરુએ વિશાળ સામાજિક અને શૈક્ષણિક આંદોલન શરૂ કરેલું જેને આજે આપણે લોકો "ભગત અંદોલન" તરીકે ઓળખીએ છે. જેમના બેજોડ ઐતહાસિક આંદોલનને કારણે રાજ્ય સરકારશ્રી દ્વારા મધ્ય ગુજરાતમાં સ્થાપિત આપણી યુનિવર્સિટીનું નામાંકન "શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી" કરવામાં આવ્યું છે. આમ આપ સૌને "વિશ્વ આદિવાસી દિન" નિમિત્તે આદિવાસી સંસ્કૃતિ અને આદિવાસી સમુદાયના પ્રધાન અને રાષ્ટ્રીય સેવામાં આપેલ યોગદાનની શ્રધાંજલિ આપવા આપની કક્ષાએથી તા.૦૮/૦૮/૨૦૨૩ થી તા.૧૧/૦૮/૨૦૨૩ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્પર્ધાઓ આયોજિત કરવા વિનંતી. આ કાર્યક્રમ અંગેના ફોટોગ્રાફ અને સંક્ષિપ્ત અહેવાલ યુનિવર્સિટીના ઈ-મેઈલ એડ્રેસ cs@sggu.ac.in પર મોકલી આપવા વિનંતી છે. તા.૦૯/૦૮/૨૦૨૩ના રોજ વિશ્વ આદિવાસી દિવસે રજા જાહેર કરવામાં આવે છે. આદિવાસી દિવસના રોજ યુનિવર્સિટી દ્વારા આદિવાસી દિવસ અંતર્ગત ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવેલ છે. જે વેબીનારમાં તમામ આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓએ જોડવા નમ્ર વિનંતી. વેબિનારની વિગત નીચે મુજબ છે.

વેબિનાર લિંક- https://sggu.webex.com/sggu/j.php?MTID=m8124d7f247af82379866ee2f2f20b4b8

સમય- સવારે ૧૧:૩૦ કલાકે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
વિંઝોલ, ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્નાતક/અનુસ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓ અને ભવનોના અધ્યક્ષશ્રી/ કોઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.